# ટ્રેક નં. ૫૧ : જ્ઞાનગોષ્ઠી–૧

* પૂ. બહેનશ્રી તો હતા અક્ષય જ્ઞાનભંડાર. કોઈ પણ પ્રશ્ન પૂછે તો જવાબ હાજર. તે પણ ખૂબ સરળ ભાષામાં અને કરૂણા ભાવે. તો ચાલો સાંભળીએ પૂ. બહેનશ્રી સાથે થયેલ જ્ઞાનગોષ્ઠી–૧.

* માંગલિક :

* ભક્તિ : સાર સમયનો સમજાવી દીધો ને નિયમ નિયમસારનો,
માર્ગ મોક્ષનો મોક્ષમાર્ગ પ્રકાશ્યો, અંતરે ઉતારી દીધો હો.

* પ્રશ્ન : એમાં ને એમાં વળગ્યો રહેજે.

● ઉત્તર : એમાં ને એમાં વળગ્યો રહેજે કે પ્રગટ તો આ ચૈતન્યદેવ જ કરવાના છે. આ જ્ઞાયક ઓળખાતો નથી પણ એ છોડીશ નહિ. એનું મનન, એનું ચિંતવન, એ વિચાર, એનું વાંચન, દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, ચૈતન કેમ ઓળખાય? એ ધ્યેયપૂર્વક, ચૈતનની મહિમાપૂર્વક, ચૈતનનો સ્વભાવ કેમ ઓળખાય? એ ધ્યેયપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમા, શુભનું ચિંતવન–એ બધું કર. ઊંડુ ન આવડે તોય છોડીશ નહિ એને. છોડીશ તો નથી કાંઈ થાતું મુંઝાઈને અશુભમાં જાતો નહિ. એમ કહેવું છે કે રુચિને તું તોડી–મંદ કરીને દૂર નહિ જાતો, પણ અહીંયા ટહેલ મારજે એમ કહે છે. પોતાની વાત આવે ને પોતાને ગમે.

● બહેનશ્રી : પોતાની રુચિ અંતરમાં ઊતરી જાય. સ્વભાવ તરફ એકદમ રુચિ ઉગ્ર થઈ ગઈ. પુરુષાર્થ ઉગ્ર થઈ ગયો ને બહાર ક્યાંય રુચિ ટકી શક્યા નહિ. બહાર ક્યાંય ટકી શક્યા નહિ. અંતરની રુચિ ઉગ્ર થઈ ગઈ. એની પાછળ પુરુષાર્થ થાય અને આત્માનો સ્વભાવ ગ્રહણ કરી લીધો એકદમ. ૧.

* પ્રશ્ન : સ્વભાવ ગ્રહણ ?

● ઉત્તર : સ્વભાવ ગ્રહણ કરી લીધો ને ભેદજ્ઞાન કરી નાંખ્યું. આ ફોતરાં જુદા ને દાળ જુદી. એમ હું જ્ઞાયક જુદો ને આ વિભાવ

જુદો. કરવાનું એક મૂળ પ્રયોજનભૂત આત્માને ગ્રહણ કરવો. વિભાવ જુદો એ પણ એને માટે થઈને એ પોતે કરી નથી શકતો. અનાદિનો વિભાવનો અભ્યાસ છે એટલે. વારંવાર એનું ચિંતવન, મનન એ એનું કર્યા કરજે, થાકતો નહિ, એમ કહેવું છે. ૨.

✻ પ્રશ્ન : મંદતા થઈ ગઈ તો પણ પાછું ફરી એને ?

● ઉત્તર : પાછું એને ફરી ફરી દૃઢ કરજે. મંદતા થાય તો. દેવને દ્વારે તું ટહેલ મારતો રહેજે. છોડતો નહિ એને. જિનેન્દ્રદેવ તો સર્વોત્કૃષ્ટ છે. જેવો આત્મા પોતાનો એવો ભગવાનનો આત્મા છે. એનું દૃષ્ટાંત બરાબર બંધબેસતું છે. ભગવાને સર્વોત્કૃષ્ટ બધું પ્રગટ કરી દીધું એટલે જેવો આત્મા દ્રવ્ય છે, એવી એની પર્યાય પ્રગટ થઈ ગઈ. ભગવાનનો આત્મા એવો પોતાનો આત્મા. ભગવાનને મંદિરે ટહેલ મારજે. ચૈતન્ય મંદિરે ટહેલ મારજે. શાશ્વત શુદ્ધ દ્રવ્ય છે. પૂરણને પ્રગટ કર્યું છે પૂર્ણતાએ. ૩.

✻ પ્રશ્ન : આપણને ખ્યાલમાં આવે છે કે આ ભાવ થયા. આ ભાવ થયા, વિભાવ થયા, એ પકડાય ને આ થયા. આ થયા, એવી ખબર પડી છે કે તે હું છું એમ છે ?

● ઉત્તર : જે ખબર પડે છે કે તે હું છું. પણ એ ખબર પડે છે ઈ એની પર્યાય છે. મૂળ તત્ત્વને ગ્રહણ કરવાનું છે. જે ખબર પડે છે એ બરાબર. એ ખબર પડે એ જ્ઞાનની પર્યાય છે. જે આ શુભાશુભ ભાવો કે આ ભાવ આવ્યો, આ ભાવ આવ્યો, ઈ બધી જ્ઞાનની પર્યાય છે. પણ એમાં જે વસ્તુ મૂળ અનાદિ અનંત છે એ જ્ઞાયક આખો છે. પણ એકએક એકએક વસ્તુને જાણે, એક વિકલ્પને જાણનાર, બધી પર્યાયો થઈ પણ એક 'અખંડ જ્ઞાયક હું શાશ્વતો છું'—એમ અખંડ દ્રવ્યને ગ્રહણ કરવાનું. એ ખબર પડે છે એના ઉપરથી એનું અસ્તિત્વ આખું ગ્રહણ કરવાનું છે. ૪.

✻ પ્રશ્ન : ખબર પડી રહી છે કે એ પદાર્થ હું છું.

● ઉત્તર : હા, એ ખબર પડી રહી છે. પદાર્થ 'હું' છું જે ખબર

કરનારો છે ઈ મૂળ વસ્તુ અનાદિ અનંત સ્વતઃ સિદ્ધ 'હું' છું. જે શુભાશુભ ભાવોને જાણનારો છે એ ખબર જે—ખબર કરનારો છે, એ મૂળ શાશ્વત, એનું જે અસ્તિત્વ છે એ 'હું' છું. એ અસ્તિત્વ આખો જ્ઞાયક છે. એ જ્ઞાયકમાં અનંત શક્તિઓ ભરેલી છે. ૫.

✻ પ્રશ્ન : આપણને ખબર પડે, એવા ગુણોનું અસ્તિત્વ ખબર પડે છે. પણ બીજા અનંત ગુણો છે તેનું અસ્તિત્વ ખબર નથી પડતું.

● ઉત્તર : ઈ તો દેખાતા નથી, પણ જે શક્તિવાળો પદાર્થ છે, જે જ્ઞાયક છે એ અનંત શક્તિથી ભરપૂર હોય. જે દ્રવ્ય હોય એ ખાલી ન હોય, એમાં અનંતા ગુણો જ હોય. એ દ્રવ્ય એનું નામ કહેવાય કે જેમાં અનંતી શક્તિઓ હોય, એ દ્રવ્ય છે. જેમાં અમર્યાદિત વસ્તુ જે, ગમે તેટલું પરિણમે તોય ખૂટે જ નહિ, એવી અનંતતાથી ભરેલું દ્રવ્ય છે. પછી એ એના યુક્તિ પ્રમાણોથી નક્કી થાય છે. ૬.

✻ પ્રશ્ન : ખ્યાલ આવે કે આપણે અંદર જઈએ ત્યારે શાંતિ લાગે છે. બહારમાં શાંતિ લાગતી નથી. પણ અનંતા ગુણો દેખાતા નથી.

● ઉત્તર : શાંતિ લાગે છે. પણ એ અનંતા ગુણો તો દેખાતા નથી. પણ એ અનંત શક્તિમાન પદાર્થ છે. એમાંથી જે અનંત પર્યાયો જે જ્ઞાન છે એ અધૂરું હોય નહિ. જે સ્વતઃ જ્ઞાન—પોતે સ્વતઃ સિદ્ધ વસ્તુ છે, એ વસ્તુ અનાદિ અનંત એ જ્ઞાનની કાંઈ મર્યાદા ન હોય. એવું જ્ઞાન અમર્યાદિત છે. માટે અમર્યાદિત જ્ઞાન છે એ અનંત શક્તિથી ભરેલું એવું જ્ઞાન છે. એવી રીતે એમાં અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંતા ગુણો છે. એવી રીતે એમાં આનંદ ગુણ છે. એ પણ અનંતતાથી ભરેલું છે. એવી રીતે દ્રવ્ય અનંત અનંત શક્તિઓથી ભરેલું છે. એ દેખાતું નથી. વેદનમાં આવતું નથી, પણ એનું અનુમાન થઈ શકે છે. અને એ યુક્તિઓ એવી કે એ યથાર્થ હોય છે. એ પોતે નક્કી કરી શકે છે. ૭.

✻ પ્રશ્ન : અસ્તિત્વનું ખ્યાલ આવે કે આ મારો સ્વભાવ છે ?

● ઉત્તર : અસ્તિત્વનો ખ્યાલ આવે, પણ એ અસ્તિત્વ અનંતતાથી ભરેલું છે, એમ પોતે નક્કી કરે તો થઈ શકે એમ છે. આચાર્યો એ યુક્તિઓથી–દલીલોથી સિદ્ધ કર્યું છે. જે અસ્તિત્વ છે, એ અધૂરું ન હોય. પૂર્ણ જ હોય. અનંત સ્વભાવથી ભરેલું છે. ૮.

✻ પ્રશ્ન : વૈરાગ્ય ને જ્ઞાન–બેય સાથે હોય ?

● ઉત્તર : હા, જ્ઞાન વૈરાગ્ય બેય સાથે હોય. ૯.

✻ પ્રશ્ન : વૈરાગ્ય પહેલા આવે ? પછી જ્ઞાન આવે ?

● ઉત્તર : બેય સાથે હોય છે. પોતે પોતાનું અસ્તિત્વ ગ્રહણ કર્યું કે 'હું જ્ઞાયક છું'—અને પરથી છૂટ્ટો પડે છે. એ જ્ઞાન ને વૈરાગ્ય બેય સાથે હોય છે. ૧૦.

✻ પ્રશ્ન : પર્યાય ક્ષણિક છે. ધ્રુવ ત્રિકાળ છે. જ્ઞાન કરવું.

● ઉત્તર : ધ્રુવ ત્રિકાળ છે. એ જ્ઞાન કરવું. (ત્રિકાળનું અવલંબન) પર્યાયો પ્રગટ થાય છે, એ અંશે અંશે પરિણમે છે. એના અનંતા ગુણો છે આત્મામાં એ બધું એનું જ્ઞાન કરવું. એમાં કાંઈ ભેદજ્ઞાન નથી આવતું. ૧૧.

✻ પ્રશ્ન : બધું નવું લાગે અમને આ. જે પરમ સત્ય પણ આ ગુણ–પર્યાય–ભેદજ્ઞાન તો રાગથી કરવું. વિભાવ એટલે રાગ અને એમાં ઇન્દ્રિય જ્ઞાન–બંને કહી શકાય ખરા ?

● ઉત્તર : ઈન્દ્રિય જ્ઞાન એટલે એમાં રાગમિશ્રિત જ્ઞાન આવી ગયું. રાગમિશ્રિત જ્ઞાન. જ્ઞાનગુણનો પણ એનો સ્વભાવ છે. અધૂરું જ્ઞાન એ રાગમિશ્રિત છે. એ એનો ઉદય છે. એમાં જ્ઞાનનો ભાગ– આ બાજુ આવી જાય છે. રાગનો ભાગ ઓલી બાજુ આવી જાય છે. જ્ઞાનનો ભાગ ચૈતન્ય તરફ આવી જાય છે. ઓલો ભાગ વિભાવ તરફ આવી જાય છે. આ બાજુમાં ચૈતન્ય તરફ આવી જાય છે. જ્ઞાનનો ભાગ–રાગનો ભાવ વિભાવ તરફ આવી જાય છે. પર તરફ આવી જાય છે. રાગનો ભાગ પર તરફ જાય છે. જ્ઞાનનો ભાગ સ્વ

તરફ આવી જાય છે. એમાં અધૂરા ને પૂરા ને એમ લક્ષ નહીં રાખતા. 'હું જ્ઞાયક જ છું'—એમ 'જ્ઞાન તે જ્ઞાન જ છે ને આ વિભાવ તે વિભાવ છે' એમ પર તરફ વિભાવનો ભાગ જાય છે. ૧૨

✻ પ્રશ્ન : બહુ સરસ. રાગ મિશ્રિતમાં ખરેખર રાગપણું છે–એનાથી જે જુદું, જ્ઞાન તો મૂળ સ્વભાવનો અંશ છે.

● ઉત્તર : જ્ઞાન તો સ્વભાવનો અંશ છે. ૧૩.

✻ પ્રશ્ન : આખું જ્ઞાનથી જુદું પડે છે. ભૂલ અમારી એવી થાય છે. જ્ઞાનથી જુદો જ્ઞાયક.

● ઉત્તર : અધૂરા જ્ઞાન જેટલો 'હું' નથી. પૂર્ણ શાશ્વત છું. આ ક્ષયોપશમ જ્ઞાન, મતિશ્રુત પર્યાય-અવધિજ્ઞાન-મનપર્યયજ્ઞાન–એ જ્ઞાન એ બધા જે ભેદો પડે–એ ભેદો જે અધૂરા પડે—એ મારો પૂર્ણ સ્વભાવ નથી. પૂર્ણને ગ્રહણ કરવો. અધૂરાને ગ્રહણ નહીં કરવાનો. જેમાં રાગમિશ્રિત–રાગને કારણે નિમિત્તને કારણે જે અધૂરી પર્યાયો છે એને ગ્રહણ નહિ કરતાં, પોતાનું પૂરું સ્વરૂપ–જેને પોતાને ચૈતન્યનું સ્વરૂપ ગ્રહણ કરવું છે એને પૂરું સ્વરૂપ ગ્રહણ કરવું જોઈએ. અધૂરું ગ્રહણ કરે તો પૂરું સ્વરૂપ ગ્રહણ કર્યું નથી. માટે એને પૂર્ણ સ્વરૂપ. પૂર્ણ ગ્રહણ કરવું. પછી આ તો બધી અધૂરી પર્યાયો છે. કેવળજ્ઞાન થાય એ પૂરી પર્યાય છે. પણ પર્યાય છે એમ એનું જ્ઞાન કરવું. પર્યાય છે પણ એ ચૈતન્યની સાધનામાં પ્રગટતી પર્યાય છે એમ જ્ઞાન કરવું. પણ છે પર્યાય, એમ જ્ઞાન કરવું એનાથી કાંઈ ભેદજ્ઞાન નથી કરવાનું. ૧૪.

✻ પ્રશ્ન : ચૈતન્યની સાધનામાં પ્રગટતી પર્યાયો છે.

● ઉત્તર : એ ચૈતન્યની સાધનામાં પ્રગટતી પર્યાય કેવળજ્ઞાનની છે. ૧૫.

✻ પ્રશ્ન : છતાં અપૂર્ણનો આશ્રય નથી કરવાનો. આશ્રય તો એકનો જ કરવાનો છે?

● ઉત્તર : આશ્રય તો પૂર્ણનો જ કરવાનો છે. આશ્રય અનાદિ

અનંત દ્રવ્યનો આશ્રય છે. એ આશ્રય કરવાથી એમાં શુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે. ૧૬.

✻ પ્રશ્ન : સ્વભાવનો જ મહિમા?

● ઉત્તર : સ્વભાવનો મહિમા. પૂર્ણનો મહિમા. અધૂરાનો મહિમા નહિ. પૂર્ણ સ્વભાવનો મહિમા. ૧૭.

✻ પ્રશ્ન : આત્માની તીવ્ર જરૂરિયાત લાગવા માંડે. જો તીવ્ર જરૂરિયાત લાગવા માંડે તો એને મેળે એને?....

● ઉત્તર : પુરુષાર્થ એ તરફ વળતો જાય છે. 'રુચિ અનુયાયી વીર્ય' પ્રતીતિ પ્રગટ થાય. તો પ્રયત્ન પણ એ તરફ જાય છે. જરૂરિયાત મારે આની જ છે. આ જરૂરિયાત નથી, એમ દૃઢ થાય તો પ્રયત્ન પણ તે તરફ જાય છે. જગતની મારે કાંઈ જરૂરિયાત નથી. જરૂરિયાત મારે આ પૂર્ણની છે પ્રયોજન હોય તો બધું આત્મા સાથે હોય છે. બીજા કોઈ સાથે પ્રયોજન નથી. મને આત્માનું પ્રયોજન છે. આત્માના બાહ્ય સાધનો દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એમનું પ્રયોજન બહારનું અંતરમાં આત્માનું પ્રયોજન. ૧૮.

✻ પ્રશ્ન : અભક્ષ્યનો ઉપયોગ આત્માર્થી કે સમ્યક્‌દૃષ્ટિની ભૂમિકામાં નિયમથી છૂટી જાય? આત્માર્થી કે સમ્યક્‌દૃષ્ટિને દવામાં અભક્ષ્યનો ઉપયોગ નિયમથી છૂટી જાય ખરો?

● ઉત્તર : એમ તો એને અભક્ષ્ય તો હોય જ નહિ. એમ જૈન કુળમાં જન્મે એને અભક્ષ્ય—એ સીધી રીતે અભક્ષ્ય લે એવું તો ન જ હોય. ૧૯.

✻ પ્રશ્ન : સીધી રીતે એટલે આ દવામાં અભક્ષ્ય લેવા માગે છે, જેમ કે હું એલોપેથીની દવા લઉં છું, દવામાં તો સામાન્ય અભક્ષ્ય આવે તો ખરેખર આપે જવાબ આપ્યો—ખૂબ સુંદર તે મને ગમ્યો હતો. મને થયું કે આ પણ પ્રશ્ન એક આપની સમક્ષ પૂછું.

● ઉત્તર : ખરી રીતે નથી હોતું. બાકી એને એ ખટકે તો ખરું જ. કે આ આ વસ્તુ આમાં આવે છે. ખટક રહ્યા વગર તો રહે જ

નહિ. બાકી વ્રતરૂપે એને ન હોય. ૨૦.

* પ્રશ્ન : એ બધું વ્રતરૂપે એને ન હોય?

● ઉત્તર : વ્રતરૂપે નથી હોતું.

● બહેનશ્રી : અનંતુ ભગવાનની વાણીમાં આવે તો એ કંઈ આત્મા કંઈ પૂરેપૂરો આવે નહિ. તોય આત્માનું સ્વરૂપ આવી જાય. સ્વરૂપ તો પૂરું આવી જાય. જેને સમજવું હોય તે સમજી જાય. નિર્મળતાથી ભરેલો છે. એટલી એનામાં નિર્મળતા ને પાવનતા ને પવિત્રતા ભરેલી છે. મૂળ સ્વભાવને ભગવાન–જિનેન્દ્રદેવ પ્રગટ પર્યાય એ પૂજનિક છે. એમ આત્મા શક્તિએ તો એવો જ છે ને! શક્તિ એની એવી જ છે. પ્રગટતામાં નથી એમ કહેવાય. પૂજનિક પણ એવો વ્યવહાર ન થાય કે આત્મા તને પૂજીએ છીએ વ્યવહારે એમનો એમ જ સ્વભાવ એવો છે. વ્યવહાર તો જેને પ્રગટ પર્યાય થઈ હોય એને. ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. મુનિઓ સાધના કરે, અંશ પ્રગટ કરે, વિશેષ પ્રગટ કર્યું. મુનિઓએ એકદમ જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ કર્યું ઈ બધાને વ્યવહાર પૂજનિક. એમને માટે પારિણામિક ભાવ સ્વભાવે પૂજનિક પણ એનો વ્યવહાર ન કહેવાય. કે તમને પારિણામિકભાવને પૂજું છું એવી જાતનો વ્યવહાર હોય નહીં. શક્તિ દ્રવ્યની અને વ્યવહારમાં વિભાવમાં પડ્યો હોય–વ્યક્તિ આમ આવે. ભગવાનના જે ૧૦૦૮ ગુણ આવે ને એની અંદર તો ભેગું આવે ગુણ ને, પૂજા પણ કોઈ વ્યક્તિને કહે તારું દ્રવ્ય પૂજનિક. એમ કાંઈ પૂજા ન કરાય એવી રીતે. બાકી તો મુક્તિનો માર્ગ એક જ છે. આત્મ જ્ઞાયક સ્વભાવને અધિક જાણવો એ જ મુક્તિનો માર્ગ છે. પોતાનો સ્વભાવ જ્ઞાન સ્વભાવને અધિક જાણવો. મુખ્ય ઉર્ધ્વ રાખવો એ. ગુરુદેવે બતાવ્યું છે. બીજું બધું તો આત્માથી જુદું છે. ભેદજ્ઞાન–બધું જુદું છે. શરીર પોતાનું નથી. પરદ્રવ્ય છે. વિભાવ પર્યાયનો સ્વભાવ નથી. એક શાશ્વતો આત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે. પર્યાયો આત્મામાં થાય તો એક ક્ષણ પૂરતી હોય. એક શાશ્વત

આત્મા પર દૃષ્ટિ કરવી. અનુભૂતિનો માર્ગ તારે જ કરવાનો છે. ૨૧.

✻ પ્રશ્ન : માતાજી! જ્ઞાયક એટલે દર્પણવત્. એક જ ભાવ? કે કાંઈ બીજું?

● ઉત્તર : જ્ઞાયક એટલે જાણનારો નિર્મળ સ્વભાવ. જે જાણવાનો જાણનાર સ્વભાવ છે તે જાણી રહ્યો છે. જાણનારો સ્વયં જ્ઞાયક છે. પરને જાણે એટલે જ્ઞાયક એમ નહિ પણ સ્વયં જ્ઞાયક જાણનારો જ્ઞાયક છે. સ્વતઃસિદ્ધ અનાદિ અનંત છે. જેનો જ્ઞાન સ્વભાવ મુખ્ય અસાધારણ ગુણ છે, એવો જ્ઞાયક—એ જ્ઞાયકની અંદર આનંદ આદિ અનંતા ગુણો છે પણ મુખ્ય એનો જ્ઞાન સ્વભાવ છે. એ જ્ઞાન સ્વભાવ નિર્મળ છે. એમાં એ જ્ઞાનમાં જાણવાનો—પોતે સ્વને જાણે, પરને જાણે એવો અનંત અનંતતાથી ભરેલો જ્ઞાનસ્વભાવ—જ્ઞાન એનું નામ કહેવાય કે જેમાં મર્યાદા ન હોય. એવો અમર્યાદિત જાણવાનો સ્વભાવ જેમાં છે એવો જ્ઞાયક સ્વયં જ્ઞાયક છે. 'હું જાણનારો જ્ઞાયક છું. આ વિભાવ પર્યાયો જે બધી થાય એ હું નથી. એ જ્ઞેયરૂપે, હું તો જાણનારો જ્ઞાયક છું.' સ્વયં જ્ઞાયક, પોતે પોતાને પ્રકાશતો સહજ બીજાને પ્રકાશે છે. સહજ. પરમાં જાતો નથી. એમાં એકત્વ થાતું નથી. દૂર રહીને બીજાને જાણે એવો એનો સ્વભાવ છે. સ્વને જાણતો સ્વયં પોતે જાણે છે. એ સ્વયં જ્ઞાયક એને ઓળખવો—એ જ્ઞાયક ઓળખાય કે ક્ષણે ક્ષણે અંતર એના સ્વભાવમાંથી, કલ્પનાથી નહિ, બીજો વિચાર આવે, એની ભાવની એવી હોય, વિચાર આવે પણ અંદર સ્વભાવમાંથી ઓળખીને એવી સહજ ધારા જ્ઞાયકની વર્તે તો એને વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ તો થાય. એવી સહજ ધારા વર્તે જ્ઞાયકની. ક્ષણે ક્ષણે ગમે તે કાર્યમાં. ભલે વિકલ્પ ચાલતા હોય તો પણ હું જ્ઞાયક—એવી સહજ ધારા વર્તતી હોય તો એને સ્વાનુભૂતિ થવાનો અવકાશ છે. વિકલ્પમાં દેવ-ગુરુ-શાસ્ત્ર અને અંતરમાં જ્ઞાયક એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. ૨૨.

✻ પ્રશ્ન : સહજ ધારા એટલે? સહજ ધારા વર્તે એટલે?

● ઉત્તર : એટલે એને કૃત્રિમતા નથી. એ અભ્યાસ કરે એમાં એને વિકલ્પ કર્યા કરે. 'હું જ્ઞાયક છું, જ્ઞાયક છું' એ પહેલાં તો એનું ભાવનારૂપ આવે. સહજ ન હોય પણ પછી યથાર્થ એને ગ્રહણ થઈ જાય એટલે સહજ થઈ જાય. વિકલ્પથી રાખવું પડે એમ નહિ. પણ એને સહજ 'હું જ્ઞાયક જ છું'–એવી સહજ જ્ઞાયકની ધારા. જ્ઞાનધારા વર્તે સહજ. એને ગોખવું ન પડે એમ. યાદ કરવું ન પડે. ભૂલી ન જાય એમ. સહજ વર્તે એમ. ૨૩.

❊ પ્રશ્ન : અનુભવ પછી થાય ને?

● ઉત્તર : અનુભવ પછી સહજ થાય. પહેલાં તો અભ્યાસ હોય. પહેલાં તો અભ્યાસ હોય. ૨૪.

❊ પ્રશ્ન : પછી એનો નિર્ણય કરવો?

● ઉત્તર : હા, સ્વભાવ ઓળખીને નિર્ણય કરે, પછી ક્ષણે ક્ષણે પ્રયાસ કરે કે 'હું જુદો છું, જુદો છું' એમ. અંતરમાંથી પ્રયાસ કરે, માત્ર ગોખવા પૂરતું નહિ, પણ આ જ્ઞાયક છે એવો 'હું છું' આ 'હું નથી', એમ જ્ઞાયકનો નિર્ણય કરે ને પછી જ્ઞાયકરૂપે રહેવાનો પ્રયાસ કરે. 'હું જ્ઞાયક છું' એમ નિર્ણય તો કર્યો, નિર્ણય કર્યા પછી એનો પ્રયત્ન કરે કે 'હું જ્ઞાયક છું' એમ. ૨૫.

❊ પ્રશ્ન : એના પ્રયત્નમાં આપણે વાંચન કર્યું હોય, કોઈ શાસ્ત્રનું વાંચન કર્યું હોય અને મનમાં વિચાર કરીએ કે 'હું આત્મા છું. અનંત જ્ઞાનનો પિંડ'–એમ વિચાર કરતાં કરતાં જ સહજ પ્રયત્ન થઈ જાય છે કે ઈ એમ જ પુરુષાર્થ થાય છે?

● ઉત્તર : નહિ, એમ વિચાર કરે, પ્રયાસ કરે, એકલા વિચાર નહિ, પણ જે જે વિકલ્પ આવે–બધામાં 'હું તો જ્ઞાયક છું, જ્ઞાયક છું'–એમ પ્રયાસ કરતાં કરતાં સહજ થાય. પ્રયાસ કરે. એક વિચાર કરીને પછી રાખી મૂકે, એકવાર વિચાર કરીને પછી રાખી મૂકે તો એમ નહિ. એની પછી ક્ષણે ક્ષણે એનો પ્રયાસ ચાલુ હોય તો સહજ થાય. એક વાર વિચાર કરી લીધો, નિર્ણય કરી લીધો 'હું જ્ઞાયક છું,

અનંત શક્તિવાળો છું.' પછી એમ સહજ ન થાય. પણ ક્ષણે ક્ષણે દરેક કાર્ય પ્રસંગમાં બસ 'હું જ્ઞાયક છું' એવો પ્રયાસ ચાલે તો સહજ થાય. સહજ એનું જીવન જ એવી રીતે પ્રયાસમાં ક્ષણે ક્ષણે થાય તો થાય. એક વિચાર કરીને પછી છૂટી જાય તો એવી રીતે એમ ન થાય. એની લગની, એનો પ્રયાસ, ખાતાં-પીતાં, સૂતાં, સપનામાં બધે એનો પ્રયાસ એમ ને એમ ચાલુ રહે તો સહજ થાય. કોકને થાય તો અંતઃર્મુહુર્તમાં થાય છે. એ તો પણ એવા કોક નીકળે. પ્રયાસથી થાય, એ મોટો ભાગ તો એવો હોય છે. ૨૬.

* પ્રશ્ન : તો વિકલ્પ સહજ થયા કરે ?

● ઉત્તર : વિકલ્પ તો અનાદિનો અભ્યાસ છે ને એટલે એ વિકલ્પ તો એમને એમ આવ્યા જ કરે છે. એને બદલાવવા માટે 'હું જ્ઞાયક છું' એમ. ૨૭.

* પ્રશ્ન : વિકલ્પથી જુદો.

● ઉત્તર : વિકલ્પથી જુદો એમ. 'હું જ્ઞાયક છું' એ વિકલ્પ આવ્યો તો એ વિકલ્પથીયે જુદો છે આત્મા. 'હું જ્ઞાયક છું' એ વિકલ્પ આવ્યો એ પણ એક જાતનો રાગ મિશ્રિત વિકલ્પ છે. તો એનાથી યે જુદો છે આત્મા. ૨૮.

* પ્રશ્ન : વિકલ્પ ને વિચાર. એ તો જ્ઞાનની એક સમયની અવસ્થા છે ને વસ્તુ ક્યાંક પાછી જુદી પડે છે આખી?

● ઉત્તર : એ રાગમિશ્રિત વિચાર છે. એની પાછળ જે એક સહજ જ્ઞાન રહે છે, ઈ આત્મા છે. પોતે જ છે. એક બાજુ પડી છે તે પોતે જ છે. બીજો નથી. એને ગોતવા જાવું પડે એમ નથી. પોતે જ છે. પણ પોતે પોતાને ભૂલી ગયો છે. એટલે એની સાથે જે જ્ઞાનની ધારા વર્તે છે ઈ પોતે છે. જ્ઞાનની ધારા જે સાથે સાથે ચાલે છે એ પોતે છે. એકરૂપ–જેમાં ભેદ નથી. ખંડ નથી. એવો અખંડ છે. ૨૯.

* પ્રશ્ન : વિચાર કરતાં કરતાં 'હું આત્મા છું' ઘણી વખત એવું નક્કી કરીએ કે આ બેસીને બસ દસ મિનિટ કે પંદર મિનિટ

શરૂઆતમાં કે આત્માનો જ વિચાર કરવો પડે છે પણ એમાં એ વિચાર આવતાં આવતાં પણ ઘણી વખત એમ લાગે છે કે જાણે બીજો વિચાર પરનો પણ ચાલતો હોય છે ઈ એવી રીતે થાય ખરું ?

● ઉત્તર : ઈ એક સમયનો ઉપયોગ પલટાય છે ને એટલે.૩૦

✻ પ્રશ્ન : મનથી એમ થાય કે જાણે આપણે વિચાર કરીએ છીએ કે 'હું આત્મા છું' પણ સાથે સાથે બહારનો જે કોઈ વિકલ્પ હોય કરવાનું કે કાર્ય ઈ એવી રીતે જોડાઈ જાય છે ઈ ખ્યાલ નથી આવતો.

● ઉત્તર : એ અનાદિના સંસ્કાર છે ને એટલે ઈ સાથે સાથે એને એક ક્ષણ ક્ષણમાં એનો ઉપયોગ પલટાઈ જાય છે. એ પોતે વિચાર કરતો હોય, વળી વચ્ચે બીજા વિચાર આવી જાય છે. વચ્ચે બીજા વિચાર આવી જાય છે. ક્ષણ ક્ષણમાં પલટાઈ જાય છે. અનાદિનો અભ્યાસ છે ને એટલે એ તો પોતે પકડી ન શકે એવા કેટલાય એના વિચારો, અંદર બીજા અંદર સંસ્કારો પડ્યા હોય છે. હવે તો ય પોતે એ વિચાર કરે ને સાથે સાથે એ તો અભ્યાસ છે ને એ પલટાતા હોય છે ને પોતે પુરુષાર્થ કરીને ફેરવી શકે છે એને. ૩૧.

✻ પ્રશ્ન : પોતે પકડી ન શકે એવા વિકલ્પ પણ હોય ?

● ઉત્તર : હા, એવા ય હોય છે વિકલ્પ. પકડી ન શકે એવા છે ને. અબુદ્ધિપૂર્વક કેટલાય વિચારો અંદર હોય છે. પોતે બુદ્ધિમાં ન આવે એવા. ૩૨.

✻ પ્રશ્ન : અખંડ એટલે તો અનંત ગુણની એક વસ્તુ જે બનેલી પોતે છે એમ જ અખંડ ને ?

● ઉત્તર : એ અખંડ, અનંત ગુણ-ભેદ નહિ. પણ અનંત ગુણ એક દ્રવ્યરૂપ જ છે. ભેદ વિકલ્પ એ જાણવા માટે ભેદ વિકલ્પ આવે પણ અનંત ગુણથી રચાયેલું એક દ્રવ્ય અખંડ તત્વ જ છે. પુદ્‌ગલમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ—ઈ બધું જુદું પાડો તો પુદ્‌ગલ કાંઈ રહે જ

નહિ. એટલે એમ ઈ તો આમ દેખાય એવા છે પછી એવા અનંત ગુણ પુદ્‌ગલમાંય છે એમ ચૈતન્યમાં અનંતા ગુણ છે. ૩૩.

✻ પ્રશ્ન : પોતે પોતાને વિપરીત વિપરીત માને છે, ઈ ખંડ પાડે છે ને? ખંડ પાડવું એટલે એમ ને?

● ઉત્તર : પોતે જે જાણ્યું એ હું આટલો જ છું. આ સિવાયનો આત્મા જે છે અખંડ એ નીકળી ગયો છે. જે વર્તમાન વિચાર આવ્યો, જે જે વિચારો આવે. જાણે 'હું આટલો જ છું' એમ એને લાગે. આ વિચાર આવ્યો જાણે એમાં જ તન્મય થઈ જાય છે. ઈ ખંડ પાડનારો પોતે છે. બધાથી તે નિરાળો થઈને 'બધાથી જાણનારો હું જુદો છું' આ બધું જે આવ્યું તે ચાલ્યું ગયું. હું તો અખંડ જ્ઞાયક જાણનારો ઊભો રહ્યો. અત્યાર સુધીના જે જે વિચારો આવ્યા, એ બધા તો પર્યાયો પલટી ગઈ ને જાણનારો ઊભો રહ્યો. ઈ જાણનારો હું છું. તો ઓલા વિચારો આવે તો જાણે આ ક્ષણ ક્ષણ પૂરતો. પર્યાયોમાં એકત્વબુદ્ધિ કરે છે. પોતે પોતાને ખંડરૂપ માને છે. જ્ઞાન—આનંદ આદિ અનંતા ગુણો અનુપમ છે. એ એની મહિમા આવે તો એક બાજુ દૃષ્ટિ કરે, પ્રયાસ કરે, ગ્રહણ કરે. ૩૪.

✻ પ્રશ્ન : સતત ચિંતન–મનન–રુચિ પુરુષાર્થ–એક જ ઉપાય છે.

● ઉત્તર : એક જ ઉપાય છે. મનન-ચિંતન-રુચિ—બસ ! એને આત્મા તરફ વલણ—બધું ય. ભેદજ્ઞાનનો પ્રયાસ કરે. એક જ ઉપાય છે. ૩૫.

✻ પ્રશ્ન : સત્‌–અસત્‌, એક–અનેક, તત્‌–અતત્‌, નિત્ય–અનિત્ય કયા બોલમાં આવે? દૃષ્ટિના વિષયમાં?

● ઉત્તર : દૃષ્ટિના વિષયમાં, એમ નહિ. જ્ઞાન અપેક્ષાએ છે. સત્‌-અસત્‌, નિત્ય-અનિત્ય એ બધું એમાં મુખ્ય જેમાં ભેદ નહીં. અભેદ લક્ષણ એ બધું દૃષ્ટિના વિષયમાં આવે છે. નિત્ય, સત્ત એ બધું. —જેમાં ભેદ ન પડે ને એ બધું દૃષ્ટિના વિષયમાં આવે છે. મુખ્ય

તો ઈ અનેકાંત ધર્મ છે ને. બધા જ્ઞાનના વિષયો છે. નિત્ય-અનિત્ય, સત્-અસત્-ભેદ-અભેદ એ બધું જ્ઞાનનું ને એમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી તો પર્યાયો પર દૃષ્ટિ નથી જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ તો પર્યાયો એટલે એમાં નિત્ય આવી જાય, એક આવી જાય, અભેદ આવી જાય એ બધું મુખ્ય દૃષ્ટિનો વિષય થાય છે. પણ બે-બે જ્યાં આવે છે ને એ જ્ઞાનનો વિષય થાય છે. ૩૬.

●ભક્તિ : હૈડે હજો ને મારા ભાવે હજો........(૨)
મારા ધ્યાને હજો, જિનવાણ રે........
જિનજીની વાણી ભલી રે.

✻ પ્રશ્ન : જ્યાં અપેક્ષા લાગે ત્યાં જ્ઞાનનો વિષય હોય છે?

● ઉત્તર : હા, બીજી અપેક્ષા લાગે છે ને એ જ્ઞાનનો વિષય છે. ૩૭.

શ્રોતા : દૃષ્ટિ નિરપેક્ષ આવે ?

બહેનશ્રી : નિરપેક્ષ. દૃષ્ટિ તો નિરપેક્ષ છે. એમાં અપેક્ષા નથી આવતી. જે બબ્બે ભેદ પડે ને ઈ બધું જ્ઞાનનો વિષય થઈ જાય છે. દૃષ્ટિ એક મુખ્ય નિરપેક્ષ છે. એમાં અપેક્ષા નથી. હું એક અસ્તિ સ્વરૂપ છું, હું જ્ઞાયક છું, એમાં કોઈ ભેદ નહિ. હું સ્વયં જ્ઞાયક છું. હું નિત્ય પદાર્થ છું, પછી એમાં ગુણભેદ કે પર્યાયભેદ કે ઈ બધું એમાં ગૌણ થાય છે. એના લક્ષમાં નથી હોતું. ગૌણ થાય છે. એ ગૌણ થઈ જાય છે. દૃષ્ટિના વિષયમાં નિરપેક્ષતા હોય છે. કોઈ અપેક્ષા નથી હોતી. અપેક્ષા આવે છે ને એ બધા જ્ઞાનના ભેદો છે. પણ દૃષ્ટિ સાથે જ્ઞાન હોય જ છે. એને સમ્યક્દૃષ્ટિ-દૃષ્ટિ જેની મુખ્ય થઈ ગઈ, એને શુદ્ધ નય પ્રગટ થઈ એની સાથે જ્ઞાન સમ્યક્ હોય જ છે. એ સાથે જ હોય છે. દૃષ્ટિ ભલે મુખ્ય હોય, નિરપેક્ષ હોય. તત્વ તરફ એને કે 'હું ચૈતન્ય તત્વ છું'—એમ દૃષ્ટિ જ્યાં નિરપેક્ષપણે પોતાને ગ્રહણ કરે છે, તે જ્ઞાન એની સાથે જ હોય છે. જ્ઞાન પણ પોતે નિરપેક્ષ ગ્રહણ કરે ને પણ અપેક્ષા—જે ધર્મો જે અપેક્ષાવાળા છે. એ

બધાને ગ્રહણ કરે છે. ગુણભેદ-પર્યાયભેદ—એ બધું જ્ઞાન ગ્રહણ કરે છે ને એટલે જ એ અનેકાંત ધર્મ પછી એની સાધક દશા શરૂ થાય છે. દૃષ્ટિ મુખ્ય રહે છે. અને જ્ઞાન બધું સાધક દશામાં શરૂ થઈ જાય છે. દૃષ્ટિપૂર્વક જ્ઞાન હોય છે. ૩૮.

*** પ્રશ્ન : ક્ષેત્ર અપેક્ષાએ તો બરાબર છે. એ જ જગ્યાએ છે જ્યાં પર્યાય ત્યાં જ છે. એ તો બરાબર છે. પણ ભાવ અપેક્ષાએ એમાં શું ઊંડાઈ ભરેલી છે?**

● ઉત્તર : પર્યાય છે ત્યાં દ્રવ્ય છે. દ્રવ્ય ને પર્યાય બેય છે. એ પર્યાય દ્રવ્યની જ છે. એ પર્યાય કાંઈ આમ અદ્ધર નથી હોતી. દ્રવ્ય હોય ત્યાં જ પર્યાય હોય છે. માટે ઈ પર્યાય-વિભાવ પર્યાય તો જાણે પોતાનો સ્વભાવ નથી. સ્વભાવ નથી પણ તોય પણ એ કાંઈ જડમાં નથી હોતી. એ જડનું નિમિત્ત કર્મનું છે. પણ તો ઈ તને અશુદ્ધતા ચૈતન્યમાં-ચૈતન્યની પર્યાય છે પણ મૂળ સ્વભાવ નથી એટલે ઈ સ્વભાવ ભેદ છે એનો, પણ ઈ સ્વભાવભેદ છે ને, પર્યાય છે ત્યાં ધ્રુવ એટલે ઈ એનું ક્ષેત્ર બેય એક એમ નહિ. પણ એનું જે મૂળ જે ક્ષેત્ર ચૈતનનું ક્ષેત્ર તો ચૈતનમાં છે અને પર્યાય જે છે એ વિભાવ પર્યાય થાય છે. સ્વભાવ પર્યાય જે છે એના ચૈતન્યમાં સ્વભાવ હોય એમાંથી પ્રગટ થાય છે અને આ છે એ એમાં નિમિત્ત અને ઉપાદાન પોતાનું બેય હોય છે. પણ એ ત્યાં જ છે એટલે એ કાંઈ અદ્ધર-અદ્ધર નથી હોતી. એ જ્યાં દ્રવ્ય હોય ત્યાં જ એની પર્યાય હોય છે. એટલે દ્રવ્ય હોય ત્યાં જ એની પર્યાયો રહે, ઈ પર્યાય એમ બતાવી રહી છે કે એની પાછળ ધ્રુવ એટલે ચૈતન્ય, કોઈ મૂળ વસ્તુ શુદ્ધ પદાર્થ છે. એ પદાર્થને ગ્રહણ કરવો એમ. પદાર્થ છે એની અંદર એ કાંઈ આમ આકાશના ફુલની જેમ અદ્ધર અદ્ધર રહે છે-એમ ન હોય. એટલે એ ચૈતન્ય છે ત્યાં જ એની પર્યાય છે. મૂળ એને ઊંડપમાં એ છે કે દ્રવ્યને ગ્રહણ કરો. પર્યાય ક્ષણિક ઉપર દૃષ્ટિ નહીં કરવાની. એની અશુદ્ધતા ઉપર દૃષ્ટિ નહિ કરવાની. પણ એનું મૂળ

જે તત્વ છે, એ મૂળને ગ્રહણ કરવું એની શુદ્ધતા ગ્રહણ કરવી. એનો ભાવ એટલે કે એની જ્ઞાયકતા ગ્રહણ કરો, એની શુદ્ધતા ગ્રહણ કરો. એના પર્યાયભેદ કે ગુણભેદ ગ્રહણ નહીં કરતા મૂળ વસ્તુને ગ્રહણ કરો. ત્યાં ધ્રુવ છે એ તો એને ઓળખાવે છે બાકી ગ્રહણ કરવાનું મૂળ વસ્તુને જ છે. વસ્તુને ગ્રહણ કરવાની છે. ૩૯.

* ભક્તિ : જિનેશ્વર દેવની વાણીના વાયરા
વાજો મને દિન રાત રે......
જિનજીની વાણી ભલી રે.......
સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગુંથે માળ રે.....
જિનજીની વાણી ભલી રે.......

* **પ્રશ્ન : વિચાર ને ધ્યાનમાં શું ફેર છે?**

● ઉત્તર : આત્માના વિચાર છે ને ઈ જ્ઞાનની પર્યાય એમ કે દ્રવ્ય કેવું હોય? ગુણ કેવા હોય? પર્યાય કેવી હોય?—એમ વિચારમાં તો અનેક ભેદ પડે અને ધ્યાન છે—એ તો એકાગ્રતા છે. આત્મામાં એકાગ્ર થાવ. એમાં વિચારભેદ નથી આવતા. એક 'અગ્ર'-એક આત્માને લક્ષમાં લઈને મૂળ વસ્તુને ગ્રહણ કરીને એનું ધ્યાન કરવું—એ ધ્યાન છે. ઓલામાં તો વિચારમાં તો અનેક જાતના ભેદ પડે. ગુણભેદ, પર્યાયભેદ—બધાના ભેદ પડીને વિચારો આવે છે. અને ધ્યાનની અંદર તો એક આત્માને લક્ષમાં લઈને કે 'હું આ પરથી જુદો, વિભાવથી જુદો, આ ક્ષણિક પર્યાયો જેટલો પણ હું નથી'—એમ ભેદજ્ઞાન કરી અને બસ એક ચૈતન્યમાં લીનતા કરે છે, એકાગ્રતા કરે છે. એમાં ભેદજ્ઞાન કરીને એકાગ્રતા કરવી—એ ધ્યાનનું લક્ષણ છે અને વિચારમાં અનેક જાતની એને તત્વની વિચારણા ચાલે છે. એ જુદું છે ને ઓલું ધ્યાન જુદું ને વિચાર જુદા છે. ૪૦.

* **પ્રશ્ન : આ ચિદ્‌વિલાસ છે ને ચિદ્‌વિલાસ એમાં એમ આવે**

છે કે 'હું શુદ્ધ છું' ચિંતવવું—એમાં ક્યું બળ કામ કરે છે?

● ઉત્તર : શુદ્ધતામાં શુદ્ધતાનું બળ—અશુદ્ધતા ભલે હોય, દ્રવ્યનો આશ્રય કરે—શુદ્ધતાના બળે શુદ્ધતા થાય. એમ 'હું ચૈતન્ય શુદ્ધ છું'—અશુદ્ધતા દેખાય પણ અંદર જે જ્ઞાયક છે—એ તો શુદ્ધ જ છે. એ શુદ્ધતાના બળે શુદ્ધતા પ્રગટે. દ્રવ્યદૃષ્ટિના જોરે શુદ્ધતા પ્રગટે. 'જે શુદ્ધ જાણે આત્મને, શુદ્ધ આત્મા જ તે મેળવે, અશુદ્ધ જાણે આત્મને, અશુદ્ધતા મેળવે.' શુદ્ધ જાણે આત્માને, આત્માને શુદ્ધ આત્મા જાણવો, જાણવો એટલે બોલવા માત્ર નહિ પણ અંતરમાંથી ઓળખવો એને. 'હું શુદ્ધ છું, શુદ્ધાત્મા, હું શુદ્ધાત્મા છું' એમ વિકલ્પાત્મક નહીં. અંતરમાંથી, એના સ્વભાવમાંથી ઓળખે કે 'હું શુદ્ધ છું'—એ શુદ્ધતાનો અભ્યાસ કરે વારંવાર. વારંવાર એ શુદ્ધતાનો અભ્યાસ કરે તો ઈ શુદ્ધતાના બળે શુદ્ધતા પ્રગટે. અશુદ્ધતાના બળે તો અશુદ્ધતા આવે. બધું દેખાયા કરે. અશુદ્ધતા—સંકલ્પ ને વિકલ્પ ને રાગ ને દ્વેષ. અશુદ્ધતા દેખાયા કરે ને અશુદ્ધતામાં જોડાયા કરે. એમાંથી અશુદ્ધતાનું ફળ આવ્યા કરે પણ અંતરમાં એ હોવા છતાં, અંદરમાં 'હું એક જ્ઞાયક જાણનાર છું' જાણનાર છે એ શુદ્ધાત્મા છે. વારંવાર એ શુદ્ધાત્માનો અભ્યાસ કરે. શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ મૂકે, તો ઈ શુદ્ધાત્માની દૃષ્ટિના બળે શુદ્ધતા પ્રગટે. એના બળથી પ્રગટે. એ ન થાય ત્યાં સુધી એનો ને એનો અભ્યાસ કર્યા કરે. એમાં મૂંઝાય નહીં. પણ એનો અભ્યાસ વારંવાર કરે. એ ન થાય ત્યાં સુધી અભ્યાસ કર્યા જ કરે. ૪૧.

**✻ પ્રશ્ન : આત્માના તો વિશેષ ગુણો ઘણા છે. ક્યા ગુણ પરથી લઈને આત્મા જલદી પકડાય?**

● ઉત્તર : આત્માનો મૂળ જ્ઞાયક સ્વભાવ છે. પણ મૂળ અસાધારણ ગુણ જ્ઞાયકતાથી ઓળખાય છે. શુદ્ધતાથી. જ્ઞાયકતા મુખ્ય ગુણ છે. જ્ઞાયકમાં અનંતા ગુણ છે એને લક્ષમાં લાવવા મુશ્કેલ પડે છે. જ્ઞાયકતા એને લક્ષમાં એકદમ આવી જાય, પણ એ

જ્ઞાયકતાની સાથે દ્રવ્ય ભેગો આવે, એવી રીતે જ્ઞાયકતાને ઓળખી લે. જ્ઞાયકતા એટલે ગુણભેદ કે હું આ જાણું છું, એવું એમ પણ 'જાણુ છું' એટલે હું પોતે જાણનાર છું. 'હું ચૈતન તત્વ પોતાના અસ્તિત્વમાંથી હું એક જાણનાર તત્વ છું' એમ જ્ઞાયકતા એ એનો મુખ્ય ગુણ છે. એ જ્ઞાયકતાથી ઓળખાય. એ જ્ઞાયકતા જાણવાનો ગુણ એને એકદમ સહેલો પડે એવો છે જાણવાનો. બીજા ગુણ એ એકદમ વિચારોથી પકડી શકે, પણ એને આ એકદમ લક્ષણથી ઓળખાય એવી આ જ્ઞાયકતા છે. અનંતા ગુણો એની અંદર. આ અનંત ગુણ છે ઈ તો પણ એને સ્વાનુભૂતિ વખતે વેદનમાં પ્રગટ થાય છે. બાકી વિચારોથી નક્કી કરી શકે–આ આનંદ ગુણ, દર્શન ગુણ એ બધા. જ્ઞાન–જ્ઞાન તો આમ એને સીધું જણાય એવું છે. ગમે ઈ કાર્યોમાં એના ઈ જ્ઞાન કામ–ભલે જ્ઞાયકતારૂપે નથી કરતો. કામ–કર્તાબુદ્ધિએ કામ–એની બુદ્ધિ ભ્રમણ કરતી હોય તોય એનો જ્ઞાન સ્વભાવ તો વિચાર કરે તો ઓળખી શકાય એવો છે. જ્ઞાયકતા–જ્ઞાયકરૂપે તો એ જ્ઞાતા થાય, કર્તાબુદ્ધિથી પરને હું કરી શકતો નથી. એ દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. હું જ્ઞાયક છું–એમ છૂટે ત્યારે જ્ઞાયકતા થાય. પણ એ જ્ઞાન સ્વભાવ એવો છે કે ઓળખી શકાય એવો છે. જ્ઞાયકતાથી. ૪૨.

* પ્રશ્ન : સમ્યક્દર્શનમાં શું લેવું કારણ?

● ઉત્તર : એક સમ્યક્દર્શનમાં અંતરની શુદ્ધિ જે અવશ્ય થવાનું છે જેને અવશ્ય સમ્યક્દર્શન–જે અનાદિકાળમાં ઘણી વાર જે આવી ગયા એ નહિ પણ જે અપૂર્વકરણ, જે અનિવૃત્તિકરણ—જે આવે અને સમ્યક્દર્શન થાય જ. એવી જાતના જે પરિણામ છે એમાં શુદ્ધિ તરફ પોતાનું કારણ જે–જે કારણ અવશ્ય જેમાં આવે જ. એવું કારણ લેવું. ઓલું વ્યવહાર કારણ. ૪૩.

* પ્રશ્ન : તો પછી આ શુદ્ધિ કઈ લેવી? ઓલા પરિણામમાં

શુદ્ધિ કઈ રીતે લેવી? કારણ કે છે તો શુભભાવ—મંદ કષાયરૂપના ભાવ, અનંતાનુબંધીના.

● ઉત્તર : પણ અંતરમાં કેટલી પોતાની પરિણતિ તરફનો જે વેગ છે એની શુદ્ધિ થઈ. પોતાની પરિણતિ..... ૪૪.

✻ પ્રશ્ન : પરિણતિનો વેગ જુદો, અને એ મંદ કષાયના પરિણામ જુદા—એવા થઈ ગયા?

● ઉત્તર : હા જુદા. પરિણતિનો વેગ એ અંતરમાં જુદો છે આ. ૪૫.

✻ પ્રશ્ન : મંદકષાય હોવા છતાં પરિણતિ છૂટી તો પડી નથી ત્યાં હજી?

● ઉત્તર : એ અંદર ભેદજ્ઞાન તો એણે—ભેદજ્ઞાન તરફ એ પરિણતી દોડતી હોય છે. એવી જાતની યોગ્યતા છે એ તરફ. ૪૬.

✻ પ્રશ્ન : એટલે મંદ કષાયને છોડતી પરિણતિ અને આત્માની અભિમુખ......

● ઉત્તર : હા, અભિમુખ તરફ દોડતી પરિણતિ તે આ. ૪૫.

✻ પ્રશ્ન : આ અપૂર્વ કરણમાં સમ્યક્‌દર્શન થતાં પહેલાં અપૂર્વ કરણની અંદર જૈન એવી સંજ્ઞા આપવામાં આવે છે. 'જિન' કહી ગયા છે અને એના ફળમાં નિર્જરા કીધી છે. તો એ નિર્જરા કઈ રીતે ત્યાં હોઈ શકે? છે તો શુભ પરિણામ પણ બંધનું જ કારણ. શુભ પરિણામ જ્ઞાનીનો હો કે અજ્ઞાનીનો હો. એકાંતે બંધનું કારણ છે. છતાં ત્યાં અપૂર્વકરણમાં એની સંજ્ઞા 'જિન' પણ કહી દીધું અને નિર્જરા પણ છે ત્યાં આગળ.

● ઉત્તર : અવશ્ય સમ્યક્‌દર્શન એને થવાનું જ છે એવા અપૂર્વ પરિણામની ધારા ઉપડી છે. માટે એના ફળમાં નિર્જરા જ થવાની છે. માટે નિર્જરા કહી દીધી. ૪૭.

✻ પ્રશ્ન : નિર્જરા સમ્યક્‌દર્શન થાય અને શુદ્ધિ થાય ત્યારે તો નિર્જરા હો, એમાં તો પ્રશ્ન જ નથી.

● ઉત્તર : અવશ્ય ઈ કારણને પણ નિર્જરા કહી દીધી કે જે કારણમાં કાર્ય આવવાનું જ છે, તેથી નિર્જરા કહી દીધી. ૪૮.

✻ પ્રશ્ન : તો ઈ જે કારણ–કાર્યનો ઉપચાર કારણ ઉપર કરીને નિર્જરા કહી દીધી, પણ ખરેખર નિર્જરા નથી. આરોપિત કથન કર્યું? આત્મા અભિમુખ તરફનો વેગ છે, એટલે ઈ નિર્જરા તરફ જ પરિણતિ ઢળી રહી છે એટલે?

ઉત્તર : નિર્જરા તરફ પરિણતિ ઢળી રહી છે એટલે. ૪૯.

પ્રશ્ન : શ્રદ્ધા અને જ્ઞાન બેય છે?

● ઉત્તર : પ્રતીતિ મુખ્ય છે. પ્રતીતિ ને જ્ઞાન બેય સાથે જ છે. ૫૦.

✻ પ્રશ્ન : સાથે જ છે એટલે ભાર શેના ઉપર વધુ દયો છો? જ્ઞાન ઉપર કે શ્રદ્ધા ઉપર?

● ઉત્તર : સમ્યક્‌દર્શન મુખ્ય છે. એ સામાન્ય દૃષ્ટિની અપેક્ષાએ દર્શન મુખ્ય છે અને એમાં જ્ઞાન સાથે જ રહે એટલે કોઈ અપેક્ષાએ જ્ઞાન કારણ થાય છે. માટે જ્ઞાન મુખ્ય કહેવાય. પણ વાસ્તવિક રીતે એમાં પ્રતીતિ મુખ્ય છે. ૫૧.

✻ પ્રશ્ન : સત્તરમી ગાથા લીધી એમાં તો ચૈતન્ય રાજાને જાણવો. જાણ્યા વિના

● ઉત્તર : જાણવો, પ્રથમ જાણવો એમ આવે. પણ અંતરમાં જેનું બળ આવે ત્યાં પ્રતીતિનું બળ મુખ્ય થાય છે. ૫૨.

✻ પ્રશ્ન : પ્રતીતિ–જાણ્યા વિનાની પ્રતીતિ શું? 'હું તો જ્ઞાયક માત્ર છું' જણાણો હજુ નથી. ત્યાં પ્રતીતિ કેમ હોય? જાણે એની પ્રતીતિ હોય. એટલે જાણવાની મુખ્યતા લેવી કે નહિ એમ?

● ઉત્તર : જાણવાની મુખ્યતા પહેલા એ જ્યારે કાંઈ જાણતો નથી, પોતાના જાણવા તરફ વળે છે કે 'હું જ્ઞાયક છું', આ બધું પર છે એમ જાણ્યું. પછી એ પ્રતીતિ દૃઢતા જે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ ને તેની દૃઢતા થઈ પોતા તરફ વળે છે ત્યાં એને પ્રતીતિ મુખ્ય એને થઈ જાય છે. ૫૩.

✻ પ્રશ્ન : દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ, તો દૃષ્ટિને દોરનાર તો જ્ઞાન છે ને? આ જ્ઞાન ને આ જ્ઞાયક માત્ર છે. દૃષ્ટિને દોરીને લઈ જનાર કોણ છે?

● ઉત્તર : ભલે જ્ઞાન હોય. જ્ઞાનને વ્યવહારથી મુખ્ય કહેવાય. વાસ્તવિક રીતે દૃષ્ટિને મુખ્ય કહેવાય. જ્ઞાનને વ્યવહારથી મુખ્ય કહેવાય. ૫૪.

પ્રશ્ન : આ સાંભળેલું ભૂલી જાય છે. તો શું કરવું?

● ઉત્તર : ભૂલી જાય તો વારંવાર યાદ આવે. રુચિ, મહિમા આ સમજણ કરના સમજના હજી વિશેષ સમજના.

ભેદજ્ઞાન કરીને સ્વાનુભૂતિ કરવી એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. આ શરીર આત્માનું નથી. એ તો જડ છે. વિભાવ ભાવો પણ ચૈતન્યનું સ્વરૂપ નથી. આ પરદ્રવ્ય. ઓલું આ પોતાનું સ્વરૂપ નથી. અંદર આત્માને ઓળખવો. શાશ્વતો આત્મા છે એને ગ્રહણ કરવા જેવો છે. આત્મા તો અનાદિ કાળથી અનંત અનંત ગુણોથી ભરેલો, અનંત શક્તિઓથી ભરેલો એ આત્માને ઓળખવો. એ જ જીવનનું ધ્યેય ને કર્તવ્ય છે. ક્ષણે ક્ષણે ક્ષણે ક્ષણે ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટે, આત્મા કેમ ગ્રહણ થાય, એ જ કરવા જેવું છે. બાકી બહારનું પરદ્રવ્યનું પોતે કાંઈ કરી શકતો નથી. પરના દ્રવ્ય-ગુણ-પર્યાય જુદા પોતાના જુદા પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા, પોતાના જુદા. બધું જુદું છે. પોતાનું અસ્તિત્વ પોતામાં, બીજાનું અસ્તિત્વ બીજામાં, પોતાના ચૈતન્ય અસ્તિત્વને ગ્રહણ કરવું, એમાં જ વાસ કરવાનો પ્રયત્ન કરવો, એ કરવા જેવું છે. આ પર તરફ વાસ, જે એને સુખ લાગે છે, એ સુખબુદ્ધિ તોડીને પોતે ચૈતનમાં વાસ કરવો. એને માટે પહેલાં એના તરફ દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું. એમાં લીનતા કરવી એ કરવું અને દેવ-ગુરુ-શાસ્ત્રને હૃદયમાં રાખવા. અંતરમાં ચૈતન્ય જ્ઞાયકની ધારા પ્રગટ કરવી એ કરવા જેવું છે. ભેદજ્ઞાન કરી લે. જેમાં છે એમાંથી પ્રગટ થાશે. બહારથી કાંઈ આવતું નથી. અંતરમાં

જે સ્વભાવ છે, એમાંથી જ પ્રગટ થવાનું છે. જેમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણો જેમાં ભરેલા એમાંથી આવવાનું છે. બહારમાં મથવાથી કાંઈ આવવાનું નથી. અંતર શુદ્ધ પર્યાય છે, એ તો પોતાને અત્યારે પ્રગટ નથી. ૫૫.

✻ પ્રશ્ન : માતાજી, આપકા જીવન તો બચપનસે હી ઇતના વૈરાગ્યમય થા. અદ્‌ભુત, આશ્ચર્યકારી. હમેં તત્ત્વ મિલા હૈ. તો વૈરાગ્ય હમેં કૈસે આયે? (પ્રશ્ન અસ્પષ્ટ છે)

● ઉત્તર : અભ્યાસ છે ને. ક્ષણવાર વૈરાગ્ય આવે, પછી ફરી જાય. અંદર ઊંડાણથી થાય તો થાય. એની લગની લાગવી જોઈએ. આ મનુષ્ય જીવનમાં એ જ કરવાનું છે વારંવાર વારંવાર એની જ લગની હોય. વારંવાર અભ્યાસ કરના ચાહિયે. પલટી તો અનાદિનો અભ્યાસ છે જ તે પલટી જાય છે. એટલી લાગી હોય અંતરમાંથી તો એ ને એ ખટક રહ્યા કરે. અરે! આત્માનું કરવાનું રહી જાય છે. બધું કર્યું પણ આત્માનું કરવાનું રહી જાય છે—એવી ખટક લાગવી જોઈએ આત્માની. ૫૬.

✻ પ્રશ્ન : ખટક અંદર રાખવી જ પડશે.

● ઉત્તર : ખટક અંદર રાખવી જોઈએ તો પ્રયાસ થાય. ૫૭.

✻ પ્રશ્ન : ઐસા લગતા હૈ પૂર્વ જન્મકા પુરુષાર્થ હોના ચાહિયે તો ઈસી વક્ત હો જાતા.

● ઉત્તર : પૂર્વ જન્મનો પુરુષાર્થ પણ વર્તમાન તો પુરુષાર્થ કરના પડતા હૈ. પૂર્વ જન્મના સંસ્કાર હોય તો પણ પુરુષાર્થ તો વર્તમાન કરના પડતા હૈ. જ્યારથી તૈયાર હોવે તબ—તે 'જબ જાગે તબ સવાર' એમ જબ જાગા તબ સવાર. જબસે ગુરુકી વાણી સુની ઔર ગુરુએ માર્ગ બતાવ્યા તો અપને પુરુષાર્થ કરના અપને હાથકી બાત હૈ. ૫૮.

✻ પ્રશ્ન : શૂન્ય હો ગયા, અબ કુછ નહીં રહા ઐસા હો જાતા હૈ.

● ઉત્તર : પુરુષાર્થકી મંદતા હૈ, રુચિકી મંદતા હૈ. મંદતા એ બધો પૂર્વના સંસ્કાર એમાં ભેગા ભેળવી દેવા. પૂર્વે સાંભળ્યું ઈ. ૫૯.

✻ પ્રશ્ન : પૂર્વના સંસ્કાર કોને કહેવાય? (અસ્પષ્ટ છે)

● ઉત્તર : પુરુષાર્થ કરે તો પૂર્વે જે સાંભળ્યું, એ એમાં સાથ આપે તે પૂર્વના સંસ્કાર. ૬૦.

✻ પ્રશ્ન : ઈ પૂર્વ થઈ ગયું?

● ઉત્તર : ઈ તો પૂર્વ થઈ ગયું. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો, એ માર્ગનું પોતાને. માણસ ચાલે તો પગ તો એણે ચલાવવા પડતા હોય છે. ચિંતવન અને જિજ્ઞાસા અંદર બેઉ જોઈએ. ચિંતવન કરવું પડે સાથે. માટે એટલું ખરું કે એ નિમિત્ત બને છે. દેવ-ગુરુ-શાસ્ત્ર જ્યાં વિચરતા હોય, જ્યાં રહેતા હોય, કોઈ તીર્થ ભૂમિ હોય, કોઈ મુમુક્ષુ આત્માની સાધના કરતા હોય, એવા સ્થળો નિમિત્ત બને પણ પોતે પુરુષાર્થ કરે તો થાય. ઈ કરી નથી દેતા સ્થળો, કરવાનું પોતાને જ હોય છે. જ્યાં કરે ત્યાં, એ કરી ન દ્યે—કરવાનું પોતાને. એવા સ્થળોમાં રહીને ઘણા નથી પણ કરતા. પોતાના પુરુષાર્થની મંદતા છે પોતાનું ધ્યાન અંતરમાં પોતાને માર્ગ બતાવે છે.

ખરી લગની હોય, ચેન પડે નહિ. આત્માનું સ્વરૂપ મળ્યા વગર ચેન ન પડે. આત્માની સ્વાનુભૂતિ વગર અંતરમાં ચેન ન પડે. રાત ને દિવસ એની ને એની લગની હોય, તો પોતે પુરુષાર્થ કર્યા વગર રહેતો નથી. તો પોતે પામી શકે. લગની એવી હોવી જોઈએ. લગની ન હોય બહાર રુચિ જતી હોય તો ન થાય. પોતાની લગની હોય તો પોતે પામે. ૬૧.

✻ પ્રશ્ન : પછી ચાલી કેમ જાય? એની અનુભૂતિ કાયમ નથી રહેતી? શું કહેવાય?

● ઉત્તર : આવવાનું પોતાના ચૈતન્ય દ્રવ્યમાંથી આવે છે. આત્મામાંથી કે આત્માની જે અસ્તિ છે, એમાંથી જ એની ઝલક અંદર કોઈ અપૂર્વ આવે છે. ૬૨.

✻ પ્રશ્ન : નિવારણ આવે માટે? ઝલક આવે ને પાછી વઈ જાય છે ને?

● ઉત્તર : માર્ગ બરાબર જાણવો જોઈએ. એ મારા ચૈતન્યનું પ્રતિબિંબ અસ્તિત્વ શું છે, એ હું ચૈતન્ય કોણ છું? એનું ભેદજ્ઞાન થાવું જોઈએ અને સાચું જ્ઞાન થાવું જોઈએ. ને સાચું ધ્યાન થાવું જોઈએ. તો પાછું એ ફરીને આવે અને છૂટી જાય, પણ પાછું આવે ફરીને. ઈ તો એનો સ્વભાવ છે. છૂટી જાય પણ આવે. સાચું જ્ઞાન થાય તો સાચું ધ્યાન થાય તો સાચી સ્વાનુભૂતિ થાય. એ કઈ જાતની સ્વાનુભૂતિ છે એ પોતે નક્કી કરે, પોતે જ્ઞાન દ્વારા પોતે નક્કી કરે ને પાછા એ માર્ગે જાય, ક્યે માર્ગે આવે છે, એ માર્ગને જાણવો જોઈએ. ૬૩.

જય હો વિજય હો ભગવતી માતનો જય હો.